# GOVERNMENT BBA COLLEGE (SELF FINANCE)

Shri K.K. Shastri Educational Campus, Khokhra Road, Maninagar (East)
Ahmedabad-380008 Phone: 079-26462660
Website : WWW.GBBA.EDU.IN EMAIL : PRINCIPALGBBA@GMAIL.COM


No.GBBA/NOTICE/2026/74 AUGUST, 01, 2026

## :: સપ્તધારા અંતર્ગત યોજાનારી સ્પર્ધાના નિયમો અંગે નોટીસ ::

(1) વકતૃત્વ સ્પર્ધા(ELLOCATION): દરેક સ્પર્ધકને 5 મીનીટનો સમય મળશે. તેમણે 5 મીનીટમાં પોતાનું વક્તવ્ય પૂરું કરવાનું રહેશે. 4 મીનીટે વોર્નિંગ બેલ પડશે. 5 મીનીટે મોટો બેલ પડશે. સ્પર્ધકના આત્મવિશ્વાસ, વિષયના કન્ટેઇન, આરોહ–અવરોહ, અને સમયપાલન મુજબ તેનું એસેસમેન્ટ થશે.

(2) ચર્ચા(DEBATE): આ સ્પર્ધામાં સામાન્ય રીતે બે સ્પર્ધકની પેર હોય છે, જેમાં એક સ્પર્ધક વિષયની ફેવરમાં અને બીજો સ્પર્ધક વિરુધ્ધ માં સ્પીચ આપશે. દરેકને 5 મીનીટનો સમય મળશે. જેમાં 4 મીનીટે વોર્નિંગ બેલ વાગશે અને 5 મીનીટે વક્તવ્ય પૂરું કરવાનું રહેશે . આવું બીજા સ્પર્ધકે પણ કરવાનું છે.

**નોધ:** અહી વિદ્યાર્થીઓને ખાસ જણાવવાનુંકે તમારે પેર ન બની હોય તો પણ તમારે વિષયની તરફેણ કે વિરુધ્ધ કોઈ પણ એક બાજુ બોલવાનું છે. તમારું મૂલ્યાંકન થઈ જશે.પેર કોલેજ બનાવી દેશે.

(3) ક્વિઝ: આ સ્પર્ધામાં ૩૦ બહુ વિકલ્પ (MCQ) વાળા પ્રશ્નો પુછાશે. દરેક પ્રશ્નના 4 જવાબ આપેલા હશે, જેમાંથી એક સાચો જવાબ હશે. વિદ્યાર્થીએ તેની ઉપર ટીક કરવાનું છે. એક કરતા વધારે જવાબ ઉપર ટીક કરશો તો તે પ્રશ્નના માર્ક્સ ધ્યાનમાં લેવામાં આવશે નહીં. આ માટે કૂલ 45 મીનીટનો સમય આપવામાં આવશે.

(4) ઓન ધ સ્પોટ પેઈન્ટીગ: આ સ્પર્ધા માટે કોલેજ તરફથી એક બ્લેન્ક સફેદ ડ્રોઇંગ શીટ (22 બાય 15 ઇંચ) આપવામાં આવશે. બાકીની જરૂરી વસ્તુઓ સ્પર્ધકે પોતે લાવવાની રહેશે.

(5) પોસ્ટર મેકિંગ સ્પર્ધા: આ સ્પર્ધા માટે કોલેજ તરફથી એક બ્લેન્ક સફેદ ડ્રોઇંગ શીટ (22 બાય 15 ઇંચ) આપવામાં આવશે. બાકીની જરૂરી વસ્તુઓ સ્પર્ધકે પોતે લાવવાની રહેશે.અહી ખાસ વિષયને અનુરૂપ એક સ્લોગન લખવાનું રહેશે.

(6) કાર્ટુનીંગ સ્પર્ધા: આ સ્પર્ધા માટે કોલેજ તરફથી એક બ્લેન્ક સફેદ ડ્રોઇંગ શીટ (22 બાય 15 ઇંચ) આપવામાં આવશે. બાકીની જરૂરી વસ્તુઓ સ્પર્ધકે પોતે લાવવાની રહેશે. અહી ખાસ વાત સ્પર્ધક ધ્યાનમાં રાખે કે તેણે અહી પેન્સિલ નો ઉપયોગ કરવાનો છે. પેન્સિલ કલરનો ઉપયોગ કરી શકે છે. બીજા કલરનો ઉપયોગ કરવાનો નથી.

(7) રંગોળી : આ સ્પર્ધામાં સ્પર્ધકે 2 બાય 2 ફૂટ જગ્યામાં પોતાની રંગોળી દોરવાની છે. 2 બાય 2 ફૂટના ચોરસ દોરેલા હશે તેમાં તમને મળેલી જગ્યામાં તમારે રંગોળી દોરવાની છે. તમે આ રંગોળીમાં માત્ર રંગ,ફૂલ કે કઠોળ કે લાકડાનો કલરિંગ ભૂકો નો ઉપયોગ કરી શકો છો. આનો અર્થ એ થયો કે તમે જે વસ્તુ નો ઉપયોગ કરો પછી માત્ર તે વસ્તુજ સમગ્ર રંગોળીમાં વાપરવાની છે. દા.ત તમે કલરનો ઉપયોગ કરો છો તો સમગ્ર રંગોળીમાં માત્ર કલર જ હશે, પછી તેમાં ફૂલ કે કઠોળ નહીં હોય.આવી રીતે બીજી વસ્તુ વાપરો તો પછી બધીજ તે જ વસ્તુ વાપરવાની છે.

(8) કોલાજ : આ સ્પર્ધામાં તમારે 22 બાય 15 ની ડ્રોઈંગ શીટમાં તમને આપેલા વિષય મુજવ ચિત્ર દોરી તેના પર જુદા જુદા રંગના કાગળના ટુકડા ચોટાડીને એક આકૃતિ બનાવવાની છે. આ માટે તમારે તમારી સાથે જુદા જુદા રંગના કાગળો, ફેવિકોલ કે ગુંદર, ફૂટ ની જરૂર પડશે.તમારે અહી કાગળના ટુકડા કાતરથી ફાડવાના નથી પરંતુ હાથેથી ફાડીને શીટમાં ચોટાડવાના છે. આ વસ્તુઓ તમારે પોતે લાવવાની છે ,કોલેજ તમને ડ્રોઈંગ શીટ આપશે.

(9) કલે મોડલિંગ: આ સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ માટી પોતેજ ઘરેથી લાવવાની છે. કોઈ વ્યક્તિ માટીની વસ્તુ વેચતો હોય આસપાસ નર્સરી હોય તો મળી રહેશે. પછી જ્યારે તમે વસ્તુ બનાવશો ત્યારે માટી રાખવા નીચે પૂઠું કે હાર્ડ વસ્તુ રાખવી.

(10) સ્પોટ ફોટોગ્રાફી: આ સ્પર્ધા માટે સ્પર્ધક કોઈ પણ મેગા પીક્સલનો કેમેરો અથવા પોતાનો ફોન વાપરી શકશે. વિદ્યાર્થીઓએ આ કેમેરો કે ફોન સ્પર્ધાના સ્થળે જજ સાહેબ ને બતાવી તે ખાલી છે અને વિષયને અનુરૂપ કોઈ ફોટા નથી તેવું ચેક કરાવી લેવું. ત્યારબાદ માત્ર પાચ ફોટા તમે પસંદ કરેલા કોલેજ ખાતે જમા કરાવવાના રહેશે.

(11) મહેંદી: આ સ્પર્ધામાં જમણે ભાગ લીધેલ છે તે સ્પર્ધક તેઓ જેમના હાથમાં મહેંદી મુકવાના છે તેવા કોલેજના જ વિદ્યાર્થી ના બને હાથમાં હથેળી વાળા ભાગમાં સમગ્ર હથેળી થી કોણી સુધી મહેદી મુકવાની રહેશે. તેમાં જરૂરી મહેંદી વાળા કોન વિદ્યાર્થીઓએ પોતે લાવવાના રહેશે.

(12) ઇંસ્ટોલેશન: આ સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ જૂની કોઇપણ વસ્તુનો ઉપયોગ કરી વિષયને અનુરૂપ વસ્તુ બનાવવાની રહેશે. આમાં કોઇપણ નવી વસ્તુનો ઉપયોગ કરી શકશે નહીં. અને તમામ જૂની વસ્તુ વિદ્યાર્થીઓએ પોતે લાવવાની રહેશે. આ સ્પર્ધામાં 4 વિદ્યાર્થીઓએ સાથે રહીને ભાગ લેવાનો છે.

વિદ્યાર્થી મિત્રો આ સ્પર્ધાના નિયમો તમને સ્પર્ધામાં ઉપયોગી થશે. આપની કોઈ ક્વેરી હોય તો સ્પર્ધાના દિવસે તેને સોલ્વ કરવામાં આવશે.

(Dr. Ishwar Rathod)
Co-Ordinator
Government B.B.A. College (Self-Financed)
Maninagar, Ahmedabad

(Dr. Yogesh Yadav)
Principal
Government B.B.A. College (Self-Financed)
Maninagar, Ahmedabad